તા. ૯-૧૨-૨૦૦૫ R.N.I. NO. 54965/81 વોઈસ ઓફ મહેસાણા રજતજયંતિ ઉજવણી વર્ષ પાન ૫

## ...ત્રે પોતાના વતન અમરેલીમાં જ નહીં પણ ગુજરાત ભરના બાળકોના શિક્ષણ માટે કંઈક કરી છૂટવાનું અભિયાન ઉપાડ્યું છે

# ...ેડ કહી શકાય તેવું ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે "વાત્સલ્ય ધામ" ઉભું કરવામાં આવી રહ્યું છે

### અમેરલી અને સુરતમાં આંતરરાષ્ટ્રીય ધોરણનાં શિક્ષણ સંકુલોમાં કરોડો રૂપિયા ખર્ચનારા કેટલાક પટેલો મંદિરો કે ધર્મશાળાઓ બાંધવામાં માનતા નથી

**...રથી માંડી, આર્ટસ, સાયન્સ, ઈન્ફોટેક, પી.ટી.સી., બી.એડ્., એમ.બી.સી. અને ફાર્મસી સુધીનું શિક્ષણ આપવામાં આવે છે :**

**...ક સ્ટાફ ફરજ બજાવે છે : આ સંકુલ પાછળ વસંતભાઈ ગજેરાએ લગભગ રૂા. ૨૫ કરોડ પોતાના વાપર્યા છે**



શિક્ષકો પ્રોફેસરો છે.

અ ... ભણાવતા, કેરળના શિક્ષકો-પ્રોફેસરો અમરેલીમાં છે. બિહાર અને ગોવાના ઈજનેરી-પ્રોફેસરો અમરેલી આવ્યા છે. ગુજરાતના સંસ્કૃતિ ખાતાના પ્રધાન ભાવકુભાઈની પુત્રી પણ ગજેરા કોમ્પ્લેક્ષમાં ભણે

નફાકારક વ્યવસાય બન્યો છે અને સુરતના ધનિક માબાપ માત્ર પ્રવેશ માટે જ રૂા. ૯૦૦૦થી રૂા. ૧૦,૦૦૦ની રકમ ખર્ચે છે ત્યાં ગરીબ, મધ્યમવર્ગ કે ધનિક વર્ગના બાળકો-બાલિકા બારમા ધોરણનું ભણતર લઈ શકે તેવું આધુનિક વિદ્યાધરનો ઘણાં વર્ષોથી ગજેરાએ ઉભું કર્યું છે.

હીરાવાળાની કમાણીના 'કુવાનું પાણી શિક્ષણના અવાડામાં લાવવા મનુભાઈ કાકડિયા, પરબતભાઈ ડાબરિયા, મનુભાઈ ડુમર અને ધનજી બાબરિયા જેવા પટેલોના સહકારથી

કેલિફોર્નિયા, ન્યુજર્સી, ફિલાડેલ્ફિયા વગેરે શહેરોના ૨ પટેલો હવે ગજેરાના વિદ્યાધરમાં મદદ કરે છે. તેનાથી લગભગ ૧૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માત્ર બે વિરાટ બિલ્ડિંગમાં અત્યાધુનિક ભણતર લે છે. શાઈનિંગ ભારતના કાચા હીરા જેવાં બુદ્ધિમંત બાળકો અહીંથી પી.એચ.ડી. વાળા પોલિશ્ડ હીરા બની રહ્યા છે.

મુંબઈના ઈન્ફોટેકના શિક્ષણના નિષ્ણાત રૂપા સાંખ્યે અદ્ભુત મહિલા છે. તેમણે લંડન ચેમ્બર ઓફ કોમર્સ તરફથી બિઝનેસ ઈંગ્લિશ લખવા અને બોલવાની તાલીમ આપવા માંડી છે. વસંત ગજેરાએ તેના શિક્ષણ સચિવ અશોક વ્યાસની મદદથી અને રૂપા સાંખ્યેની બુદ્ધિપ્રમાણે સુરતના ધંધાનો કે આપેક્ષ વયના બિઝનેસમેનો બિઝનેસ ઈંગ્લિશ બોલે, શીખે તે માટેની શાખા સુરતમાં ખોલી છે. તેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ બિઝનેસ ઈંગ્લિશ બોલતાં શીખે છે.

નરેન્દ્ર મોદીએ આ સ્કૂલ વિશે રાજેન્દ્ર જાડેજા પાસેથી જાણીને આ ઈંગ્લિશ બોલતાં શીખવતી સ્કૂલને સરકારી માન્યતા આપવાનું વચન આપ્યું છે. પરંતુ કતારગામ જયાં પાપડી જ વખણાતી હતી ત્યાં આજે વસંત ગજેરાના ભાઈ ...



લક્ષ્મી ડાયમંડના સંતાન હોય તે મફત ભણે છે. છેલ્લાં છ વર્ષમાં વસંત ગજેરાએ આ સ્કૂલના વિકાસમાં રૂા. ૨૪ કરોડ ખર્ચ્યા છે. આ સ્કૂલમાં જો ધંધાદારી વલણ હોય તો ચલણી નોટો છાપી શકાય પણ બીજી સ્કૂલોને આંટે તેવું શિક્ષણ અહીં મફતથી માંડીને બધી સ્કૂલોથી અડધી ફીમાં નુકસાન કરીને અપાય છે. બાળકોને પિકનિક કરાવાય તેમાં વર્ષે રૂા. ૨૧ લાખ ખર્ચાય છે. વસંત ગજેરાએ સૌથી મોટું અને ભારતમાં અભૂતપૂર્વ ગણાશે તેવું કામ સુરતમાં તાપી નદીને ...

લવાશે. આ બાળકોમાંથી ઘણા બીડી, સિગારેટ કે ડ્રગ્ઝ લેતા થઈ ગયાં હશે. તેમની કુટેવો છોડાવી તેને સંસ્કારી બનાવી તે બધાં ભણીને કમાણી કરતાં થાય તેવી મહત્વાકાંક્ષી યોજના છે. તાપી નદીના કાંઠે હું અને વસંતભાઈ વરસતા વરસાદમાં ગયા ને નજરે જોયું. ત્યાંનું વૃદ્ધાશ્રમ અડધું ઉભું થઈ ગયું છે. પટેલનો દીકરો તો હીરાનો વેપારી બન્યો પણ ઓરિસ્સા, બિહાર, મહારાષ્ટ્ર કે ગુજરાતનો ભિખારી બાળક તાપી નદીની ...

**...ઉ આ અખબારમાં તા. ૨૨/૩/૨૦૦૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ**

**સમાજની અદ્વિતીય સિધ્ધિ ..................**

**...ાખ ચોરસવાર જમીન ઉપર નિર્માણ પામેલ અમરેલી**

**...ાલેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક વિદ્યાસંકુલ "વિદ્યાધર"**



**હરિયાળી ક્રાંતિ**

# ગજેરા વિદ્યાભવન-ઉત્રાણમાં અસરકારક વર્ગ વ્યવહાર કાર્ય શિબિર યોજાઇ

## ચાલો, શિક્ષણપદ્ધતિ એવી બનાવીએ; વિદ્યાથીને શાળાએ આવવું આનંદદાયી લાગે, શાળામાં રજા એ સજા લાગે : રાજેશ ધામેલિયા

**સુરત,તા.૧૨**

ગજેરા વિદ્યાભવન-ઉત્રાણમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે અસરકારક વર્ગ વ્યવહાર કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી રીતેશભાઇ અગ્રવાલે આજના ટ્રેનર શ્રી રાજેશભાઇ ધામેલિયાનું શબ્દપુષ્પથી સ્વાગત કર્યું હતું. તેમજ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, શાળાના તમામ શિક્ષક ભાઇઓ-બહેનો આ કાર્ય શિબિરમાંથી નવું-નવું જાણીને તેનો વર્ગખંડમાં જરૂર ઉપયોગ કરશે. ટ્રેનર શ્રી રાજેશભાઇ ધામેલિયાએ નાનકડી વાર્તાઓ કહી અને પ્રવૃત્તિઓ કરાવી. આ પ્રવૃત્તિઓનો વર્ગખંડમાં કેવી રીતે ઉપયોગ કરી અસરકારક પરિણામ મેળવી શકાય તે બાબતે શિક્ષક મિત્રો સાથે પ્ર ોત્તરી કરી હતી. સાથે જણાવ્યું હતું કે, મધુર સ્થિત એ શિક્ષકનું સૌથી મોટું શસ્ત્ર અને શાસ્ત્ર છે.વિદ્યાર્થીના ગુણ-અવગુણ સાથે તેનો સ્વીકાર કરી તેને પ્રેમ આપવામાં આવે તો અકલ્પનીય પરિણામ પ્રાપ્ત કરી શકાય. શાબાશી આપવાથી કે પ્રશંસા કરવાથી વિદ્યાર્થીના જીવનમાં પરિવર્તન આવી જતું હોય છે. આવા વિદ્યાર્થીઓ જીવનમાં ખૂબ સંપત્તિ કે સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના શિક્ષકને ક્યારેય ભૂલતા નથી. માત્ર ટકાવારીની પાછળ દોટ મૂકવાને બદલે માનવતા ખીલવે તેવી આનંદદાયી અને વિદ્યાર્થીની સર્જનાત્મકતાનો વિકાસ થાય શિક્ષણ પદ્ધતિ અપનાવવાની જરૂર છે.

આ ઉપરાંત (નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક)ની ગાઇડ લાઇન, વર્ગ બંધારણ,વર્ગમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા,ઘડિયાની રમત વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. શાળાના સુપરવાઇઝર શ્રી શ્વેતાબહેન પંચાલે આભારવિધિ કરી હતી.

નોકરીની તક
જ્ઞાનયજ્ઞ ઈન્સ્ટીટ્યુટ
મું. મોવિયા, તા. ગોંડલ, જી. રાજકોટ.
→ ડીપ્લોમાં ઈન નર્સીંગ
→ ડીપ્લોમાં ઈન સેનેટરી ઈન્સ્પેક્ટર
→ લાઈવ સ્ટોક આસીસ્ટન્ટ (L.I.)
→ હોસ્પીટલ આસી. એન્ડ ટેકનીશ્યન.
Phone : (02825) 281701



સંદેશ સૌરાષ્ટ્ર
અમરેલી ૯૭૨૬૭ ૪૪૩૭૬ । સાવરકુંડલા ૨૪૩૩૪૩ । બગસરા ૯૭૨૩૪ ૪૩૫૪૫ । જેતપુર ૨૨૯૭૧૨ । ધારી ૯૭૨૭૫ ૭૭૨૨૩ । વાંકાનેર ૦૨૮૨૮-૨૨૩૪૨૬ । ચોટીલા ૯૮૨૫૫ ૮૦૯૫૮ । મોરબી ૨૨૧૧

સરકારી હોસ્પિટલનું સંચાલન પટેલ સંકુલને સોંપવા ઠરાવ

# અમરેલીમાં મેડિકલ કોલેજને લીલીઝંડી

**■ મેડિકલ કોલેજની સાથે હોસ્પિટલમાં સુવિધાઓ વધશે : મફત સારવાર રહેશે યથાવત**

અમરેલી તા. ૬

અમરેલીમાં સરકારી હોસ્પિટલમાં પીપીપીના ધોરણે મેડિકલને રાજય સરકાર દ્વારા લીલીઝંડી આપી દેવામાં આવી છે અને તેનું સંચાલન શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ટ્રસ્ટ સુરતને સોંપાયું છે. મેડિકલ કોલેજની સાથે - સાથે હોસ્પિટલનો પણ વિકાસ થશે અને અગાઉ સિવિલ હોસ્પિટલમાં જે નિઃશુલ્ક સારવાર આપવામાં આવતી હતી તે યથાવત રીતે જાળવી રાખવામાં આવશે. જે મુજબનો સંસ્થા અને રાજય સરકાર વચ્ચે ઠરાવ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં મેડિકલ કોલેજ માટે કેટલાયે વર્ષોથી માગણી કરવામાં આવતી હતી. પરંતલ આંતરિક રાજકારણના કારણે અમરેલીને અત્યાર સુધી મેડિલક કોલેજ મળી શકી ન્હોતી. અંતે રાજય સરકાર દ્વારા અમરેલીની મેડિકલ કોલેજ માટે લીલીઝંડી અપાતા લોકોમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે. અમરેલીની સિવિલ હોસ્પિટલમાં મેડિકલ કોલેજ બને તે માટે પર્યાપ્ત જમીન, બાંધકામ સહીતની આવશ્યક પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. ગુજરાત સરકાર દ્વારા તા. ૪-૭ના રોજ સત્તાવાર રીતે અમરેલીની મેડિલક કોલેજ અને જિ. ની સિવિલ હોસ્પિટલ કેમ્પનું સંચાલન શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલને સોંપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલા આ ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે અમરેલીમાં સ્વનિર્ભર મેડીકલ કોલેજની સ્થાપના માટે વિવિધ અરજીઓ મળી હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણીક ચેરીટેબલ ટ્રસ્ટ સુરતને રાજયની જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ સોંપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ માટે અમરેલીમાં આવેલી સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ કોલેજ માટે જરૂરીયાત મુજબની જમીન પ્રતી વર્ષ રૂ. ૧ ના ટોકન ભાડે લીઝ પર ૩૩ વર્ષ માટે આપવામાં આવશે. મુખ્ય તબીબી અધિકારી, અમરેલી અને સંસ્થા વચ્ચે લીઝ માટે કરાર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. તા. ૭-૭ સુધીમાં અમરેલીના કલેકટર દ્વારા જમીનની સોંપણી માટેનું પ્રમાણપત્ર આપવામાં આવશે. સંસ્થાને જિલ્લા કક્ષાની હોસ્પિટલ ખાતે નીયત જમીન, બાંધકામ, હોસ્પિટલના સાધનો પણ સંચાલનના હેતુથી સોંપવામાં આવશે. હોસ્પિટલ અને કોલેજમાં સંસ્થા દ્વારા સ્ટાફની ભરતી કરાશે અને હાલમાં જે હયાત સ્ટાફ છે તેને પણ રાજય સરકાર દ્વારા લોન પર સંસ્થાને સોંપવામાં આવેલ છે. હોસ્પિટલનું સંચાલન સંસ્થાને સોંપાયું છે પરંતુ હાલમાં જે વીનામુલ્યે સો આપવામાં આવે છે તે યથાવત રાખવામાં આવશે.

### હોસ્પિટલ મુદ્દે થશે અલગથી એમઓયુ

અમરેલીની સિવિલ હોસ્પિટલનું સંચાલન પટેલ સંકુલને સોંપવા માટે પ્રોત્સાહક યોજના અને તેની શરતો અંગે રાજય સરકારના આરોગ્ય વિભાગના સચીવ દ્વારા અલગથી એમઓયુ અને શરતો સાથેના કરારો કરવામાં આવશે. તેમ આરોગ્ય વિભાગના ઠરાવમાં નક્કી કરવામાં આવ્યું છે.

### અમરેલીને સારી આરોગ્ય સેવા આપવાનું સપનું હતું : વસંત ગજેરા

આ અંગે શાંતાબેન હરિભાઇ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વસંતભાઇ ગજેરાએ જણાવ્યું કે ગજેરા સંકુલ દ્વારા અમરેલીમાં વિવિધ કોલેજ સાથે પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આરોગ્ય માટેની સુવિધા આપવાનું સપનું હતું જે સાકાર થઇ રહ્યું છે. અમરેલીમાં સ્થાનીકે હવે મેડીકલ કોલેજની સુવિધા મળશે અને સિવિલ હોસ્પિટલમાં પણ પાયાની સુવિધાઓ વિકસાવાશે તેમ જણાવ્યું હતું.

**THE HINDU** IN SCHOOL
FRIDAY, JUNE 22, 2018

## Lots of positives, but...



Schools shuffle students when they move from one grade to another on the basis of academics, activities, social skill, disciplinary issue, children with the special needs and even to balance ratio.

According to Sigmund Freud "Sameness is boring, Change keeps us alive". Shuffling classes is definitely an opportunity for students to overcome artificial boundaries that create divisions between arbitrarily defined groups. In order to function in today's world, it is important to be able to socialise with anyone and everyone. Shuffling encourages behavioural skills and students to occupy themselves with people of diverse backgrounds and perspectives. It also helps them develop skills to deal with real-world situations. It breaks up unhealthy dynamics, and encourages them to get along well with all.

It is good for the children as they get to know more of their peers. But it can be a nightmare for an introvert child. Children who struggle socially find it hard to begin all over again. It can also have adverse effect on their emotional development especially during adolescence, as the peer group determines the identity of the youngsters. On the whole it works, but when you get a good class one year it always seems difficult to split them the following year.

**Shweta Parihar**
*Principal*
*Shree H.J. Gajera English Medium School*
*Surat, Gujarat*



ગજેરા વિદ્યાભવન ઉત્રાણમાં 'અસરકારક વર્ગ વ્યવહાર' કાર્ય શિબિર યોજાઇ હતી.

# ગજેરા વિદ્યાભવન ઉત્રાણમાં 'અસરકારક વર્ગ વ્યવહાર' કાર્ય શિબિર યોજાઇ

## ચાલો, શિક્ષણપદ્ધતિ એવી બનાવીએ કે વિદ્યાર્થીઓને શાળાએ આવવું આનંદદાયી લાગે, શાળામાં રજા એ સજા લાગે : રાજેશ ધામેલિયા

**સુરત તા. ૧૨**

ગજેરા વિદ્યાભવન-ઉત્રાણમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે ?અસરકારક વર્ગ વ્યવહાર? કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય રીતેશભાઇ અગ્રવાલે આજના ટ્રેનર રાજેશભાઇ ધામેલિયાનું શબ્દપુષ્પથી સ્વાગત કર્યું હતું. તેમજ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, શાળાના તમામ શિક્ષક ભાઈઓ-બહેનો આ કાર્ય શિબિરમાંથી નવું-નવું જાણીને તેનો વર્ગખંડમાં જરૂર ઉપયોગ કરશે.

ટ્રેનર રાજેશભાઇ ધામેલિયાએ નાનકડી વાર્તાઓ કહી અને પ્રવૃત્તિઓ કરાવી. આ પ્રવૃત્તિઓનો વર્ગખંડમાં કેવી રીતે ઉપયોગ કરી અસરકારક પરિણામ મેળવી શકાય તે બાબતે શિક્ષક મિત્રો સાથે પ્રશ્નોત્તરી કરી હતી. સાથે જણાવ્યું હતું કે, મધુર સ્મિત એ શિક્ષકનું સૌથી મોટું શસ્ત્ર અને શાસ્ત્ર છે. વિદ્યાર્થીના ગુણ-અવગુણ સાથે તેનો સ્વીકાર કરી તેને પ્રેમ આપવામાં આવે તો અકલ્પનીય પરિણામ પ્રાપ્ત કરી શકાય. શાબાશી આપવાથી કે પ્રશંસા કરવાથી વિદ્યાર્થીના જીવનમાં પરિવર્તન આવી જતું હોય છે. આવા વિદ્યાર્થીઓ જીવનમાં ખૂબ સંપત્તિ કે સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના શિક્ષકને ક્યારેય ભૂલતા નથી. માત્ર ટકાવારીની પાછળ દોટ મૂકવાને બદલે માનવતા ખીલવે તેવી આનંદદાયી અને વિદ્યાર્થીની સર્જનાત્મકતાનો વિકાસ થાય એવી શિક્ષણ પદ્ધતિ અપનાવવાની જરૂર છે. આ ઉપરાંત નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્કની ગાઇડ લાઇન, વર્ગ બંધારણ, વર્ગમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા, ઘડિયાની રમત વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

શાળાના સુપરવાઇઝર શ્રી શ્વેતાબહેન પંચાલે આભારવિધિ કરી હતી.

### શિક્ષણ સજ્જતા સેમિનારનું આયોજન થયું

# મધુર સ્મિત એ શિક્ષકનું સૌથી મોટું શસ્ત્ર અને શાસ્ત્ર છે



ટિચર્સ દ્વારા વિવિધ પ્રશ્નો પણ પુછવામાં આવ્યા હતાં.

**FOR TEACHERS**

સિટી રિપોર્ટર | સુરત

વિદ્યાર્થીના ગુણ-અવગુણ સાથે તેનો સ્વીકાર કરી તેને પ્રેમ આપવામાં આવે તો અકલ્પનીય પરિણામ પ્રાપ્ત કરી શકાય. શાબાશી આપવાથી કે પ્રશંસા કરવાથી વિદ્યાર્થીના જીવનમાં પરિવર્તન આવી જતું હોય છે. આવા વિદ્યાર્થીઓ જીવનમાં ખૂબ સંપત્તિ કે સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના શિક્ષકને ક્યારેય ભૂલતા નથી. માત્ર ટકાવારીની પાછળ દોટ મૂકવાને બદલે માનવતા ખીલવે તેવી આનંદદાયી અને વિદ્યાર્થીની સર્જનાત્મકતાનો વિકાસ થાય શિક્ષણ પદ્ધતિ અપનાવવાની જરૂર છે.' ગજેરા વિદ્યાભવનમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે 'અસરકારક વર્ગ વ્યવહાર' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં આ વાત રાજેશ ધામેલિયાએ જણાવી હતી. આ કાર્યક્રમના અંતે પ્રશ્નોતરી પણ યોજાઇ હતી.

# आदर्श शिक्षक वही है, जो बच्चे की हर मुश्किल आसान कर दे

## गजेरा विद्याभवन में 'असरकारक वर्ग व्यवहार, शिक्षक कैसा होना चाहिए' विषयक सेमिनार

सिटी रिपोर्टर



गजेरा विद्याभवन में माध्यमिक और उच्चत्तर माध्यमिक स्कूल के शिक्षकों के लिए 'असरकारक वर्ग व्यवहार एवं शिक्षक कैसा होना चाहिए' विषय पर सेमिनार आयोजित हुआ। सेमिनार में ट्रेनर राजेश धामेलिया ने बताया कि मधुर मुस्कान शिक्षक का सबसे बड़ा शस्त्र और शास्त्र है। आदर्श शिक्षक नए समाज की नींव रखने वाला व परंपराओं को निभाने वाला महान इंसान होता है। आदर्श शिक्षक वही है जो बच्चों को गुण-अवगुण के साथ स्वीकार करे और फिर उन्हें निखार दे।

अच्छा शिक्षक एक विद्यार्थी का सबसे अच्छा दोस्त, सबसे अच्छा सलाहकार, पिता तुल्य और आदर्श होता है। छात्र को अपने सम्पूर्ण जीवनकाल में अनेक मुश्किलों का सामना करना पड़ता है। इन मुश्किलों को आसान कर देने वाला शिक्षक ही उस छात्र के लिए आदर्श समझा जाता है। शिक्षक के लिए आवश्यक है कि छात्रों को स्वास्थ्य के बारे में सचेत करें। खेलकूद जीवन में वो महत्वपूर्ण दिनचर्या है, जिससे बच्चे स्वस्थ रहते हैं। साथ ही साथ संतुलित भोजन लेने से दिमाग पर अच्छा असर होता है। सात्विक भोजन से मन पवित्र हो जाता है और शरीर में ऊर्जा का विकास होता है। प्रतिदिन 15 मिनट कम से कम व्यायाम करना आवश्यक है। उन्होंने बताया कि विद्यार्थी को प्रेम दिया जाए तो अकल्पनीय परिणाम प्राप्त कर सकते है। प्रशंसा करने से स्टूडेंटस प्रेरित होते हैं, जिससे उनके जीवन में परिवर्तन आता है। बच्चों की सृजनात्मक शक्ति का विकास हो ऐसी शिक्षण पद्धति लानी चाहिए। इससे पूर्व आचार्य रितेश अग्रवाल ने ट्रेनर राजेश धामेलिया का शब्दपुष्प से स्वागत किया और उम्मीद जताई कि स्कूल के सारे शिक्षक इन सारी बातों की जानकारी लेकर उस पर अमल करेंगे।

### सेमिनार में एनसीएफ की गाइड लाइन पर भी चर्चा

इसके अलावा नेशनल करिक्युलम फ्रेमवर्क (एनसीएफ) की गाइड लाइन की चर्चा की गई। जिसके अनुसार शिक्षा का लक्ष्य किसी बच्चे के स्कूली जीवन के उसके घर, पास-पड़ोस के जीवन से जोड़ना है। बच्चों को विभिन्न तरह के अनुभव का अवसर देकर शिक्षा देनी है। हर बच्चे की क्षमता देखकर मौका देना चाहिए। साहित्यिक, कलात्मक, रचनात्मकता को भी शामिल करें।